[Q - 1]. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(1) તમે વિચારો કે રિયાની ટ્રેન વડોદરા સ્ટેશનથી બે કલાક મોડી કેમ ઉપાડી હશે?

- રિયાની ટ્રેન વડોદરા સ્ટેશનથી મોડી ઉપડવાના કારણો આ હોઈ શકે. (1) વડોદરાથી મુંબઈ વચ્ચે રેલવેના પાયાનું સમારકામ ચાલુ હોય. (2) વડોદરા અને મુંબઈ વચ્ચે કોઈ ટ્રેનમાં ગડબડ કે અકસ્માત થયો હોય અને પાટા ઉપર ઊભી હોય. (3) વહેલી સવારથી જ રાબેતા મુજબની ટ્રેનો બે કલાક મોટી ચાલતી હોય. (4) ટ્રેનને આગળ વધવા સિગ્નલ મળ્યું ન હોય.

(2) રિયાએ વડોદરા સ્ટેશન પર કયાં કયાં સ્થળોની મુલાકાત લીધી?

- રિયાએ વડોદરા સ્ટેશન પર ટિકિટબારી, ટિકિટ ચેકર રૂમ, પ્રતિક્ષાખંડ, પાર્સલ રૂમ, લોકરની સુવિધા, ટોઈલેટ-બાથરૂમ પીવાના પાણીની સુવિધા, ચા-નાસ્તાની કેન્ટીન પછી એક પ્લેટફ્રોર્મ પરથી બીજા પ્લેટફ્રોમ પર જવાની સીડીવાળો પુલ વગેરે સ્થળોની મુલાકાત લીધી.

(3) તમે ક્યારેય રેલવે ફાટક પાસેથી પસાર થયા છો? જો હા તો ફાટક બંધ હતું ત્યારે ફાટક ખૂલ્યું ત્યારે ત્યાનીહલચલ કેવી હતી એ વિચારીને લખો.

A. હા, ગયા મહિને હું અને મારી મમ્મી બંને જણા કારમાં મારી મસીને ઘરે મળવા ગયાં હતાં, ત્યારે રસ્તામાં રેલ્વે અટક પાસેથી પસાર થયાં હતાં. તે સમયે ટ્રેન ત્યાથી પસાર થવાની હોવાથી ફાટક બંધ હતું. અમે ઊભા રહ્યાં. ફાટક બંધ હોવાથી ત્યાં લોકો ફટકની બંને બાજુ ટ્રેન પસાર થવાની રાહ જોઈને ઊભા હતાં. ત્યારે દૂરથી ટ્રેનની સીટી સંભળાઈ. બધાએ પોતાના વાહન ચાલુ કર્યાં. ટ્રેન પસાર થઈ અને ફટકવાળા માણસે ફાટક ખોલ્યું ત્યારે બંને બાજુથી નાના-મોટા વાહનો ફટકની આજુબાજુના બમ્પ પસાર કરીને ઝડપથી જવાની કોશિશ કરતાં હતાં. વાહનોના જુદાજુદા અવાજો સાંભળવા માલ્ટા હતાં. થોડીક વારમાં વાહનોની ભીડ ઓછી થઈ અને હું અને મારી મમ્મી ફાટક પસાર કરીને માસીને ઘરે ગયાં હતાં.

(4) રિયાએ ફાટક પાસે શું શું જોયું?

- રિયાએ ફાટક પાસે જોયું કે ત્યાં લોકો ફાટકની બંને બાજુ ટ્રેન પસાર થવાની રાહ જોઈને ઊભા હતાં. ત્યાં બસ, કાર, રિક્સા, સાઇકલ, સ્કૂટર, તેમજ માલસામાન ભરેલી ટ્રકો જેવા વાહનો પણ ઊભા હતાં. કેટલાક લોકો પોતાના વહ બંધ કર્યા વગર ઊભા હતાં. જેના

કારણે અવાજ અને ધુમાડાવાળું હતું. કેટલાક લોકો જોખમ ખેડી ફાટકના સળિયા નીચેથી પસાર થઈને પાટાની નજીક આવીને ઉભેલા હતા.

(5) તમે પુલ જોયા છે? ક્યાં ક્યાં?

➢ હા, મેં પુલ જોયા છે. અમારા શહેરમાંથી રેલવે ટ્રેન પસાર થાય છે. તેથી લોકો અને વાહનોની અવરજવર માટે ટ્રેનના રળવે માર્ગની ઉપર પુલ બાંધેલો છે. તેના પર થઈને હું દરરોજ શાળાએ જાઉં છું. અમે અમારા કાકાને ઘરે અમદાવાદ ગયા હતા ત્યારે રસ્તામાં સિધ્ધપુર શહેરમાં સરસ્વતી નદી પર બાંધેલો પુલ જોયો હતો તથા અમદાવાદમાં સાબરમતી નદી પર બાંધેલા વિવિધ પુલ જેવા કે રેલવેનો બ્રિજ, સુભાષબ્રિજ, ગાંધીબ્રિજ, નહેરુબ્રિજ, લક્કડિપો પુલ (એલિસબ્રિજ) તથા સરદારબ્રિજ વગેરે પુલ (બ્રિજ) જોયા હતા.

(6) તમારા વિસ્તારમાં કઈ કઈ નદીઓ આવેલી છે? તે નદી પર કઈ કઈ જગ્યાએ પુલ બાંધેલા છે. તે વિચારીને લખો.

➢ અમારા વિસ્તારમાં બનાસ, સરસ્વતી, અર્જુની અને સીપુ નદીઓ આવેલી છે. એમાંથી બનાસ નદી પર ડીસાથી થરાદ જવાના રસ્તા પર પુલ બાંધેલો છે. તેનું નામ બનાસ પુલ છે તથા સરસ્વતી નદી પર વડગામથી પીલુચા ગામ નજીક બંધ બાંધેલો છે.

(7) નદી પર પુલ કેમ બનાવવા પડે હે. તે વિચારો અને લખો.

➢ નદીની વચ્ચે થઈને લોકો અને વાહનોની અવાર-જવરનો રસ્તો નીકળતો હોઈ ત્યારે નદી પર પુલ બાંધવાની જરૂર પડે છે. નદીમાં બારેમાસ પાણી રહેતું હોય અથવા તો ચોમાસા દરમિયાન નદીમાં પાણીનો પ્રવાહ વધુ હોય કે નદીમાં પુર જેવી સ્થિતિ હોય, આ કારણે લોકોને નદીના એક છેડેથી બીજા છેડા પર જવામાં ખુબ જ તકલીફ પડે. આ સમસ્યાઓના નિવારણ માટે અને લોકોની સગવડ અને સુખાકારી માટે નદી પર પુલ બનાવવા પડે છે.

(8) તમે ક્યારેય પુલ પરથી પસાર થયા છો? ક્યાં?

હા, અમે જ્યારે પાલનપુરથી અમદાવાદ મારા કાકાને ઘેર ગયાં હતાં. ત્યારે સિધ્ધપુરથી ઊંઝા જતાં સરસ્વતી નદીના પુલ પરથી અને અમદાવાદ જતાં સાબરમતી નદીના પુલ

(9) તમે ફ્રફૂલની આજુબાજુમાં શું જોયું?

- અમે સિધ્ધપુરથી સરસ્વતી નદીના પુલ પરથી પસાર થતાં નદી જોઈ ફૂલની શરૂઆતમાં નદીની બાજુમાં થોડાક ઝૂંપડાં જોયા. દૂર નદીના કિનારે એક મોટું મંદિર જોયું અને સિધ્ધપુર શહેરનો નજારો પણ જોવા મળ્યો. આજુબાજુના વિસ્તારમાં લીલાંછમ વૃક્ષો જોવા મળ્યાં.

(10) રિયાની ટ્રેન કઈ કઈ નદીઑ પરના પીયુએલ પરથી પસાર થઈ હતી?

- રિયાની ટ્રેન સાબરમતી, વાત્રક, મહીસાગર, વિશ્વામિત્રી, નર્મદા અને તાપી નદીઓના પુલ પરથી પસાર થઈ હતી.

(11) તમે કયાં કયાં શહેરો જોયા છે? ત્યાં તમે શું શું જોયું. તે વિચારીને લખો.

- મે સિધ્ધપુર, ઊંઝા, મહેસાણા, અમદાવાદ, પાટણ અને વડોદરા શહેર જોયા છે. સિધ્ધપુરમાં મે રુદ્રમહાલય, બિંદુ સરોવર અને કાર્તિકેય મંદિર, ઉંઝામાં ઉમિયા માતાનું મંદિર, મહેસાણામાં દૂધસાગર ડેરી, તથા વોટર પાર્ક, અમદાવાદમાં કાંકરીયા તળાવ, પ્રાણીસંગ્રહાલય, નગીના વાડી, રિવર ફ્રન્ટ, સિદી સૈયદની જાળી, હઠ્ઠીસિંગના દેરા, આંતરરાષ્ટ્રીય હવાઈ મથક, સાયન્શ સિટી, હોટલ (પતંગ), પાટણમાં સહસ્ત્રલિંગ તળાવ અને રાણીકી વાવ અને વડોદરામાં કમાટીબાગ, સયાજીરાવ મહેલ અને મ્યુઝિયમ વગેરે સ્થળો જોયા છે.

(12) તમે કેવા કેવા પ્રકારના પોશાક પહેરતાં લોકો જોયા છે? વિચારો અને લખો.

- મે અલગ અલગ પ્રદેશના લોકોને જુદા જુદા પ્રકાર ના પોશાક પહેરતા જોયા છે. જેમાં ગુજરાતમાં સ્ત્રીઓ પંજાબી ડ્રેસ કે સાડી, ચણિયો અને કબજો પહેરે છે. પુરુષો પેન્ટ, શર્ટ કે લેંગો, પહેરણ અથવા ધોતિયું, ઝભ્ભો પહેરે છે. કચ્છ વિસ્તાર ની સ્ત્રીઓ મોટા  ઘેર વાળો ઘાઘરો અને કબજો પહેરે છે. માથે ઓઢણી ઓઢે છે. પુરુષો નાડા વાળો ચોરણો પહેરણ કે અંગરખું પહેરે છે. તેમ જ માથે ટોપી, ફાળિયું કે પાઘડી પહેરે છે. મહારાષ્ટ્રના લોકો માં સ્ત્રીઓ ધોતીની જેમ સાડી પહેરે છે. પુરુષો પહેરણ અને ધોતી અને માથે ટોપી પહેરે છે. પંજાબમાં સ્ત્રીઓ પંજાબી ડ્રેસ દુપટ્ટો પહેરે છે. પુરુષો પહેરણ કોટી અને નીચે પાયજામો પહેરે છે. માથા ઉપર પાઘડી બાંધે છે. તમિલનાડુના લોકોમાં સ્ત્રીઓ સાડી, કબજો અને ચણીયો પહેરે છે. પુરુષો પહેરણ અને નીચે લૂંગી પ્રકારની સફેદ ધોતી પહેરે છે.

(13) તમે ગુજરાતી બોલી સિવાય કઈ કઈ બોલી બોલતા લોકો ને સાંભળ્યા છે?

- મેં ગુજરાતી બોલી સિવાય નીચે પ્રકારની બોલી બોલતા લોકો ને સાંભળ્યા છે.
  હિન્દી, બંગાળી, ઉર્દુ, અંગ્રેજી, મરાઠી, પંજાબી.

(14) રિયા ની ટ્રેન કયા કયા રેલવે સ્ટેશન પરથી પસાર થઈ હતી?

- રિયા ની ટ્રેન ગાંધીધામ થી સામખીયાળી, અમદાવાદ, નડિયાદ, વડોદરા, સુરત, નવસારી, વલસાડ, અને વાપી રેલવે સ્ટેશન પરથી પસાર થઈ હતી.

(15) પાઠ્યપુસ્તક પૃસ્ઠ-62 પર આપેલ સમયપત્રક પરથી રિયા ની ટ્રેન જે સ્ટેશન પરથી પસાર થઈ હોય અને અહીં તેનો ઉલ્લેખ ન થયો હોય તેવા સ્ટેશનોના ના નામ જણાવો.

- રિયાની મુસાફરી માં ટ્રેન જે સ્ટેશન પરથી પસાર થઈ હતી. પરંતુ અહીં તેનો ઉલ્લેખ નથી. તેમાં ભચાઉ, માળીયા, મીયાણા, હળવદ, ધાંગધ્રા, વિરમગામ, આણંદ, ભરૂચ, અંકલેશ્વર વગેરે રેલવે સ્ટેશન છે.

(16) તમારા તથા તમારી આસપાસના વિસ્તારના ગામ કે શહેર ની વખણાતી વાનગી કે ચીજ વસ્તુઓની યાદી બનાવો. જેમ કે સુરતની ઘારી પાટણના પટોળા.

A.

| ગામ કે શહેરનું નામ | વખણાતી વાનગી | વખણાતી ચીજ વસ્તુઓ |
|---|---|---|
| પાલનપુર | ચમચમ, શેકેલા માવાના પેંડા | હીરા, અત્તર |
| ડીસા | ટિક્કી ભજીયાં | બટાકા |
| પાટણ | દેવડા | પટોળા |

(17) ટ્રેનના ડબ્બામાં પાણી અને વીજળી કેવી રીતે આવતી હશે? ચર્ચા કરો.

- જે સ્ટેશનથી ટ્રેન ઉપડતી હોય ત્યાંથી ટ્રેનના દરેક ડબ્બામાં પાણી ભરવામાં આવે છે. આ પાણીનો ઉપયોગ મુસાફરો ટોઇલેટ અને બાથરૂમ તથા હાથ-મોં ધોવા કરે છે. ટ્રેનમાં વીજળી માટે જનરેટરની વ્યવસ્થા હોય છે. જેનાથી પંખા અને લાઈટ ચાલુ થાય છે. કેટલીક ટ્રેનમાં વીજળીના વાયર સાથે તેના ઉપર સળિયો જેવા વાયર લગાવી વીજળી મેળવી ટ્રેનની ઝડપ વધારી શકે છે. આવી ટ્રેન ભારતના મોટા શહેરો વચ્ચે ખૂબ જ ઉપયોગી છે.

(18) અનુમાન કરો કે તમે ટ્રેનની લાંબી મુસાફરી પર જાઓ છો. સમય પસાર કરવા કઈ કઈ વસ્તુઓ તમે સાથે લેશો?

- હું ટ્રેન ની લાંબી મુસાફરી પર જાઉ તો સમય પસાર કરવા માટે ઇન્ડોર રમતો જેવી કે સાપ-સીડી, ચેસ, લુડો, પત્તા, કોડીઓ, વાર્તાની ચોપડીઓ, સ્વાધ્યાય બુક, છાપું, હેડફોન, પઝલ વગેરે વસ્તુઓ સાથે લઈશ.

- પરથી પસાર થયા હતા. આ ઉપરાંત એક વાર પાલનપુર ડીસા થઈને થરાદ જતાં હતાં ત્યારે ડીસા પાસે બનાસ નદીના પુલ પરથી પસાર થયા હતા.

(19) નીચે આપેલ ચિત્રમાં દર્શાવેલ રેલવેના સેવકોને ઓળખો અને તેના નામ લખો. તેઓ શું કામ કરે છે તેની ચર્ચા કરો.

- સેવકોની કામગીરી:

(i) હમાલ (કુલી): હમાલ લોકોના સામાન ઉપાડે છે. તેમને મદદ કરે છે.

(ii) ગાર્ડ: ટ્રેનના સૌથી પાછળ ના વિશિષ્ટ ડબ્બામાં બેસે છે. તે તેને ચલાવવા માટે લીલી ઝંડી અથવા બેટરીથી સંકેત આપે છે. તે ટ્રેનનો ઇન્ચાર્જ હોય છે.

(iii) એન્જિન ડ્રાઈવર: તે ટ્રેન ચલાવે છે.

(iv) ટીકીટ ચેકર: મુસાફરોની ટિકિટ તપાસે છે અને ખાતરી કરે છે. વગર ટિકિટે મુસાફરી કરનારને દંડ કરે છે.

(v) રેલવે પોલીસ: રેલવે અને મુસાફરોની સુરક્ષા કરે છે.

(vi) સફાઈ કામદાર: ટ્રેન તથા રેલવે પ્લેટફોર્મ ની સફાઈ કરે છે.

vii) ટિકિટ આપનાર: ટ્રેનમાં મુસાફરી કરવાની ટિકિટ આપે છે.